POST - REGD. No. GBK-241/2018-2020 RNI. No. 68504-98

માધ્યમિક શિક્ષકોની સમસ્યાઓને વાચા આપતું મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થતું માસિક

**બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘનું મુખપત્ર**

નામ ______________

સરનામુ ______________

______________


# બનાસગંગા શિક્ષણ

**પ્રકાશક : શ્રી હરેશભાઈ જી. ડાભી**
સરદાર પટેલ હાઈસ્કૂલ, ડીસા, જિ. બનાસકાંઠા
મો : ૯૪૨૬૪૪૪૫૬૮, ૮૧૬૦૮૨૮૫૮૨
Email:hgdabhi_2011@rediffmail.com

**તંત્રી અને મુદ્રક : શ્રી ગિરીશભાઈ એસ. રાવલ**
નવનિર્માણ વિદ્યાલય, વગદા
તા. પાલનપુર, જિ. બનાસકાંઠા મો : ૬૩૫૧૫૯૩૯૪૧
મો : ૯૪૨૭૦૪૩૬૧૬ Email:girishkumarraval8900@gmail.com

**સહતંત્રી : શ્રી ગિરીશભાઈ પી. વણસોલા** શાહ કે. એચ. હાઈસ્કૂલ, પીલુચા, તા. વડગામ બ.કાં. મો : ૯૪૨૭૭૧૬૫૧૬

**વર્ષ-૨૦ ● અંક : ૬ ● ડીસેમ્બર-૨૦૨૦ ● વાર્ષિક લવાજમ : રૂા. ૩૦/- ● પાનાં - ૬ છૂટક કિંમત ૩-૫૦ રૂા.**



**પ્રમુખ / મહામંત્રીના સંયુક્ત સ્થાનેથી...**



પ્રિય શિક્ષક ભાઈઓ તથા બહેનો,
સાદર પ્રણામ,

મિત્રો, નવ વર્ષની સૌને શુભેચ્છાઓ નવવર્ષની શરૂઆતની વિશ્વ જેના માટે આતુર છે તે માટેના શુભ સંકેત દેખાતા ફરીથી જનજીવન પૂર્વવત બની રહેશે તેવી સૌને આશા છે ઈશ્વરને પ્રાર્થના કરી એ કે આવનારા સમયમાં ફરીથી આપણે નવા જોમ અને જુસ્સા સાથે કાર્યરત થઈ જઈએ કોરોના સમયગાળા દરમ્યાન કેટલાય મારા શિક્ષક ભાઈ–બહેનો કે તેમના પરિવારના સભ્યોએ જાન ગુમાવ્યો છે તો કેટલાક આ દુ:ખદાયક પીડામાંથી પસાર થયા છે. જેમણે સ્વજન ગુમાવ્યા છે તેમને બ.જિ.મા.શિક્ષક સંઘ વતી ભાવપૂર્વક શ્રદ્ધાંજલી અર્પીએ છીએ.

મિત્રો, બનાસકાંઠા જિલ્લા અનુદાનિત મા. અને ઉ.મા. શાળામાંથી વયનિવૃતિના કારણે જેઓ નિવૃત થયા છે તે તમામ કર્મચારી મિત્રો (આચાર્ય, શિક્ષક, વહીવટી, સેવક)ને બ.જિ.મા.શિક્ષક સંઘ વતી તેમના દીર્ઘાયુ, સ્વસ્થ અને કાર્યરત જીવન માટે પાર્થના કરીએ છીએ.

મિત્રો, રાજ્યકક્ષાના પ્રશ્નો માટે આપણું મહામંડળ સતત પ્રયત્નશીલ છે આપના મુખ્ય પ્રશ્નો માટે તેઓ મંત્રીશ્રી, વિભાગીય કચેરી, અધિકારીશ્રીઓ સાથે સતત સંપર્ક રાખી તેમની શક્તિ મુજબ પ્રયત્ન કરી રહ્યા છીએ. સફળતા મોડી મળે તેના કરતા વહેલી મળે તેવા તમામ પ્રયત્નો મહામંડળે કરવા જોઈએ તે સમયની માંગ છે.

મિત્રો, કેટલાક સમયથી કોવીડ–૧૯ની રજા અને ઉચ્ચતર પગાર ધોરણની ફાઈલ માટે શાળાના આચાર્ય અને શિક્ષકો વચ્ચે અસમંજસની સ્થિતિ રહી છે આવી પરિસ્થિતિમાં બન્ને પક્ષોએ એટલે કે જીલ્લાની વડી કચેરીએથી માર્ગદર્શન મેળવવું અને જિલ્લાની વડી કચેરી અસ્પષ્ટ હોય ત્યારે શિક્ષણ કમિશ્નરની કચેરીએથી માર્ગદર્શન મેળવી ન્યાયપૂર્ણ રસ્તો કાઢવો જરૂરી છે. આપણા જિલ્લામાં આવા પ્રશ્નો ઓછા હશે તેવી અપેક્ષા છે. છતાં પણ એક વાક્ય લખવાની ઈચ્છા થાય છે કે આચાર્ય મિત્રો, સત્તાનો વિવેકપૂર્ણ ઉપયોગ કરે અને શિક્ષકો પોતાના આત્મ સન્માન સહિત આદરભાવ જાળવી રાખે તો ઘણા બધા પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. મોટા ભાગના પ્રશ્નો 'હું' પણામાંથી ઉદ્‌ભવતા હોય છે.

મિત્રો, કારકૂન મિત્રોને ખાસ જણાવવાનું કે વડી કચેરીએ ફાઈલ લઈને આવવાનું થાય તો નકલમાં સહી કરાવી લેવાનું અચૂક રાખશો. પાના નંબરની નોંધ સાથે ચેકલિસ્ટ પ્રમાણે ફાઈલ જમા કરાવવાનું રાખશો. ભૂતકાળમાં પણ વચ્ચેથી પાના ગુમ થયાની કે આખે આખી ફાઈલ ગુમ થયાની ખબર છે. હાલમાં પણ આવા એકલ–દાંકલ કિસ્સામાં અનુભવ થયો છે. આપને પણ આવા કડવા અનુભવ થયા હશે જ નહીતર કેટલાક કિસ્સામાં ''કરે કોઈ અને ભરે કોઈ'' તેવો અનુપમ ઘાટ થાશે.

મિત્રો, જિલ્લા આચાર્ય સંઘની બિનહરીફ વરણી થયેલા તમામ હોદ્દેદારશ્રીઓને બનાસકાંઠા જિલ્લા મા.શિક્ષક સંઘ વતી અમો શુભેચ્છા પાઠવીએ છીએ અને ભૂતકાળની જેમ તમામ ઘટક સંઘો સાથે સંકલન સાધી બનાસકાંઠાના શિક્ષણ જગતને દીપાવવા તમામ પ્રયત્નો કરે એવી આશા રાખીએ છીએ.

**મિત્રો, વર્ષ ૨૦૧૯-૨૦ના વર્ષના હિસાબો માટે કોવિડ-૧૯ના કારણે કારોબારી અને સામાન્ય સભા બોલાવી શકયા નથી પરંતુ આપની સૌની મંજુરીની અપેક્ષાએ ઓડિટમેમો બનાસગંગા શિક્ષણ આ અંકમાં પ્રસિધ્ધ કરેલ છે.**

તા. ૧૮ અને ૧૯ ડિસેમ્બરના રોજ સરસ્વતિ હાઈસ્કૂલ પાલનપુર મુકામે ઉચ્ચતર પગારધોરણના કેમ્પનું આયોજન બ.કાં.જિ.શિ.કચેરી દ્વારા કરવામાં આવનાર છે. તેમાં ૧૮ તારીખે વર્ષ ૨૦૧૬ પહેલાના પૂર્તતાવાળા ઉ.પ.ધો.ના કેસ હાથ ધરવાના છે. અને ૧૯ તારીખે ૩૧–૧૦–૨૦૧૭ સુધીના ઉ.પ.ધો.ના કેસના નિકાલ કરવાનો હોવાથી સંબંધિત કર્મચારી મિત્રો પોતાની જાગૃતતા રાખી શાળાકક્ષાએ ઉ.પ.ધો.ની ફાઈલ તૈયાર કરાવી લેશો.

જે શિક્ષક મિત્રોએ સભ્યફી ન ભરી હોય તેમણે વર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખી Online ફી ભરી દેવી તે માટે બ.કાં.જિ.મા.શિ.સંઘના મહામંત્રી કે અન્ય હોદ્દેદારનો સંપર્ક કરવો. સંગઠન મજબૂત હશે તો જ તમારા પ્રશ્નોનું નિરાકરણ પણ ઝડપથી પ્રાપ્ત થશે જ.

મિત્રો, આપના વડી કચેરીના પ્રશ્નો માટે બ.જિ.મા.શિ. સંઘ સતત જાગૃત છે. આપના ન્યાયપૂર્ણ પ્રશ્નોનું આપના કે આપની શાળા કક્ષાએથી નિરાકરણ ના આવતું હોય તો અમને જાણ કરશો આપના ન્યાપૂર્ણ પ્રશ્નોના નિરાકરણ માટે અમારી ટીમ સતત પ્રયત્નશીલ રહી આપના પ્રશ્નોનું નિરાકરણ લાવશે.

ફરીથી બ.કાં.જિ.મા.શિ. સંઘ તરફથી સંવત ૨૦૭૭ના મંગલ વર્ષની શુભકામના.

**ગિરીશ રાવલ**
મહામંત્રી, બ.કાં.જિ.મા.શિ.સંઘ

**હરેશભાઈ ડાભી**
પ્રમુખ, બ.કાં.જિ.મા.શિ.સંઘ

**ડીસેમ્બર-૨૦૨૦નું બનાસગંગા વેબસાઈટ જોવા માટે** http://shixanparab.blogspot.com/p/banasganga.html **પર સર્ચ કરવું.**

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૩૫૮૪-૩૬૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષક બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૧૯-૧૧-૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય.

**વિષય :** કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ધો.૯ થી ૧૨ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવા બાબત.

**સંદર્ભ :** અત્રેની સિંગલ ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે

ઉપરોક્ત વિષય અને સંદર્ભે અન્વયે જણાવવાનું કે કોવિડ-૧૯ની પ્રવર્તમાન પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે વિદ્યાર્થીઓનો તણાવ ઘટાડી શકાય તે હેતુથી ધો. ૯ થી ૧૨ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવા અંગે સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ધો. ૯, ૧૦, ૧૧ (વિજ્ઞાન પ્રવાહ/ સામાન્ય પ્રવાહ) ૧૨ (સામાન્ય પ્રવાહ)માં પરીક્ષા પ્રશ્નપત્રમાં હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ ૩૦% અને વર્ણનાત્મક પ્રશ્નોનું પ્રમાણ ૭૦% જેટલું કરવામાં અવે છે. અગાઉ હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ ૨૦% સુધી હતું. ધો.૧૨ (વિ.પ્ર.)માં ૫૦% હેતુલક્ષી પ્રશ્નો (OMR પદ્ધતિ )અને ૫૦% વર્ણનાત્મક પ્રશ્નોનું પ્રમાણ યથાવત રહેશે. આ ઉપરાંત ધો. ૯ થી ૧૨માં પ્રશ્નપત્રમાં વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોનું ઈન્ટરનલ ઓપ્શનને બદલે જનરલ ઓપ્શન આપવામાં આવશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના વિષયોના સુધારેલા અધ્યાસક્રમ મુજબ પ્રકરણ દીઠ ગુણભાર, પ્રશ્નપત્રનું માળખું અને પરીરૂપની વિગતો તેમજ ધો. ૯ અને ૧૧ ના વિષયોના સુધારેલા અભ્યાસક્રમ મુજબ પ્રકરણ દીઠ ગુણભાર અને પ્રશ્નપત્રના માળખાની વિગતોની જાણ ટૂક સમયમાં કરવામાં આવશે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ધો. ૯ થી ૧૨ની શાળાકીય પરીક્ષાઓના પ્રશ્નપત્ર શાળાકક્ષાએ તૈયાર કરવાના રહેશે. પરીક્ષા પદ્ધતિમાં કરેલ ફેરફાર કોવિડ-૧૯ની પરિસ્થિતિને કારણે વર્ષ ૨૦૨૦-૨૧ના શૈક્ષણિક વર્ષમાં જ અમલમાં રહેશે. જેની તમામે નોંધ લેવી.

ઉક્ત તમામ વિગતો આપના તાબાની મા/ઉ.મા. શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

**(બી.એન. રાજગોર)**
સંયુક્ત નિયામક
ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

## મહામંડળ હડતાલ દરમ્યાન રજા પરિપત્રો

(અ) તા. ૨૦-૧૧-૧૯૯૫ થી તા. ૪-૧૨-૧૯૯૫ની કુલ ૧૫ (પંદર) દિવસની હડતાલ નાણા વિભાગ, ગાંધીનગરના તા. ૭-૭-૧૯૯૭ની નોંધ અને શિક્ષણ વિભાગના ગાંધીનગરના તા. ૧૦-૭-૧૯૯૭ના પરિપત્રથી સ્પેશ્યલ રજા ગણાય છે. જે સેવાપોથીમાં ઉધારીને કપાત ન થઈ શકે. જો રજા સેવાપોથીમાં કપાત કરી હોય તો મજરે મળવાપાત્ર છે.

(બ) તા. ૧૮-૬-૧૯૯૮ થી તા. ૨૯-૬-૧૯૯૮ની કુલ ૧૨ દિવસની હડતાલ સામે ૧૨ (બાર) રજા ઉધારી કપાત થઈ હશે. કમિશ્નર (શાળા) ગાંધીનગરના તા. ૩૦-૭-૧૯૯૮ અને શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૬-૭-૧૯૯૮ પરિપત્ર મુજબ રજા કપાત થઈ હશે.

(ક) નાણાં વિભાગ, ગાંધીનગરના તા. ૨૮-૨-૨૦૦૨ની નોંધ અને શિક્ષણ વિભાગ ગાંધીનગરના તા. ૩-૮-૨૦૦૨ના પરિપત્ર અનુસાર તા. ૨૧, ૨૨, ૨૩, ૧૨-૨૦૦૦ (ત્રણ દિવસ) અને તા. ૨૮-૮-૦૧ થી તા. ૧૨-૯-૨૦૦૧ (૧૬) દિવસની રજા મળી કુલ (ઓગણીસ) દિવસની રજા સેવાપોથીમાંથી ઉધારી કપાત થઈ હશે.

ક્રમાંક:નાણાં/મા.મ./આ.પ.ક./ત.શિ./ન.ક./પા.યો.

**માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના**
**અધિક અંગત સચિવ**

સત્યમેવ જયતે

નાયબ મુખ્ય મંત્રીશ્રી,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ
તબીબી શિક્ષણ, નર્મદા,
કલ્પસર, પાટનગર યોજનાનું
કાર્યાલય
ગુજરાત સરકાર
સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ,
સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨૦૧૦
તા. ૧૨-૧૦-૨૦૨૦

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
બ્લોક નં. ૧૪, સચિવાલય, ગાંધીનગર

**વિષય :** કોરોના વાયરસ સંક્રમણનાં કારણે કોરન્ટાઈન થયેલ રાજ્ય સરકારનાં તમામ વિભાગના કર્મચારીઓ અને ફિક્સ પગારનાં કર્મચારીઓનાં કોરોન્ટાઈન સમયગાળાને ઓનડયુટી ગણવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, શ્રી ભૃગેન્દ્રભાઈ સી. શાહ, પ્રમુખશ્રી, મ્યુનિ. અને સરકારી શૈક્ષણિક બિન શૈક્ષણિક અને નિવૃત્ત હિત રક્ષક સમિતિએ, માન. નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સંબોધીને કરેલ તા. ૯-૧૦-૨૦૨૦ની રજુઆત અસલમાં આ સાથે સામેલ છે.

ઉક્ત રજુઆત પરત્વે, નિયમોનુસાર યોગ્ય કાર્યવાહી કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ
**(ડી. આર. પટેલ)**
અધિક અંગત સચિવ

## માન્ય મંડળોના પદાધિકારીઓને કેટલીક કામગીરીમાંથી મુક્તિ આપવા અંગે

ગુજરાત સરકાર, સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક : બસભ-૧૨૬૬-૮૭૬-ગ
સચિવાલય, ગાંધીનગર, તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૦૨

વંચાણે લીધા :

(૧) ગુજરાતસરકારના શિક્ષણ અને મજૂર વિભાગ, એસ.એસ.એ.- ૩૪૭૩-૬૦૩૨૭-ગ, તા. ૩-૧૦-૭૩

(૨) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ, ૧૮૭૪

ઉપરોક્ત વિષય સંદર્ભે હુકમ કરવામાં આવે છે કે રાજ્યના તમામ માન્ય કર્મચારી મંડળોના પદાધિકારીઓને કેટલીક કામગીરીઓ જેવી કે, એઈડ્સ અંગેની કામગીરી, પોલિયોની ઝુંબેશ, ચૂંટણી અંગેની કામગીરી, મધ્યાહ્નભોજન યોજના તેમજ પરીક્ષા, રાહત કાર્યો અંગેની કામગીરીઓમાંથી ધનિષ્ઠ વિચારણાને અંતે મુક્તિ આપવાનું ઠરાવવામાં આવે છે. માટે ઉપરોક્ત કામગીરીઓ બાબતે જે તે વિભાગો દ્વારા નામોની યાદીઓ મંગાવવામાં આવતી હોય ત્યારે ઉપરોક્ત પદાધિકારીઓના નામો સિવાયની યાદી જે તે વિભાગોમાં મોકલવા જે તે કચેરીઓના વડાઓ- વહીવટી વડાઓને તુરત જ અમલ કરવા આદેશ આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી

**(મહેશભાઈ શાહ)**
સેકશન ઓફિસર,
સામાન્ય વહીવટ વિભાગ

## હિસાબી અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજ્ય

**''વિમા અને લેખા ભવન''**

બ્લોક નં. ૧૭, પહેલા માળ, સેક્ટર-૧૦/બી ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલ, એમ.એલ.એ. ક્વાર્ટર સામે,
ગાંધીનગર-૩૮૨૦૧૦, તાલુકો/જિલ્લો-ગાંધીનગર

નં.હિ.તિ.નિ. શાસન બિશપ-૩/જનરલ નં. ૪૦૩

તા. ૨૩-૧૦-૨૦૨૦

પ્રતિ,

(૧) હિસાબી અધિકારીશ્રી, ''બીલ-બજેટ'' શાખા હિ.તિ.નિ. કચેરી ગાંધીનગર

(૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, પગાર અને હિસાબીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ

(૩) શ્રેયાન જીલ્લા તિજોરી અધિકારીશ્રી જીલ્લા તિજોરી કચેરી....(તમામ)

(૪) તિજોરી અધિકારીશ્રી (પેન્શન)
પેન્શન ચુકવણાં કચેરી, ગાંધીનગર/ વડોદરા/સુરત/અમદાવાદ/ રાજકોટ

**વિષય** : ફિક્સ પગારમાંથી નિયમિત નિમણૂંક મળતા માંદગીની રજા બાબત.

**સંદર્ભ** : (૧) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક-ખરચ/૨૦૦૨/૫૭ (પાર્ટ-૨)/ઝ ૧ તા. ૧૨-૭-૨૦૧૬

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંદર્ભદર્શિત (૧) ના મુદ્દા નં. ૧ મુજબ, ફિક્સ પગારના કર્મચારીઓને વર્ષ દરમ્યાન માંદગીના હેતુ માટેની રજાઓ પુરા પગારમાં ૧૦ અથવા અડધા પગારમાં ૨૦ રજા નિયમ મુજબ, મેડિકલ પ્રમાણપત્રને આધારે મળી શકશે. આ ઉપરાંતની માંદગીની રજા કપાત પગારથી ભોગવવાની રહેશે. સંદર્ભદર્શિત (૧) ઠરાવના મુદ્દા નં.૨ મુજબ, સંબંધિત વહીવટી વિભાગના સચિવશ્રી આ રજાઓ મંજૂર કરી શકશે. સંદર્ભદર્શિત (૧) ઠરાવના મુદ્દા નં.-૩ મુજબ ફીક્સ પગારના કર્મચારીઓની પાંચ વર્ષની સેવા દરમ્યાન એકઠી થયેલ માંદગી અંગેની રજાઓ તેઓને નિયમિત નિમણુંક મળ્યા બાદ આગળ લઈ જઈ શકાય કે નહિ ? જે અંગે અત્રેની શાખાના તા. ૧૫-૬-૨૦૨૦ના પત્ર દ્વારા માર્ગદર્શન માંગવામાં આવેલ હતું.


સંદર્ભદર્શિત (૨)ના નાણાં ભિગાના પત્ર પરત્વે ફિક્સ પગારમાં ફરજ બજાવતા કર્મચારીઓ ફિક્સ પગારમાં ૫ (પાંચ) વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ કરી, નિયમિત નિમણુંક મળ્યા બાદ આગળ લઈ (Carry forward) જઈ શકાય છે. તેમ નાણાં વિભાગની ઝ. ૧ શાખા દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ છે. જે આપશ્રીને વિદિત થાય.

આપનો વિશ્વાસુ
નાયબ નિયામક (વહીવટી)

## શ્રદ્ધાંસુમન







**પ્રકાશભાઈ એસ. પ્રજાપતિ** **બબલદાસ બી. પ્રજાપતિ**

પરિમલ વિદ્યાલય, પુંજપુરના મ.શિ. અને મંડાલી તા. દાંતાના વતની **શ્રી પ્રકાશભાઈ એસ. પ્રજાપતિ**નું તા. ૨૩-૧૧-૨૦૨૦ સોમવાર દુઃખદ અવસાન થયું છે. પ્રભુ સદ્દગતના આત્માને શાંતિ અર્પે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

માતૃશ્રી કુવરબા કન્યા વિદ્યાલય, પાલનપુરના મ.શિ. શ્રી હરેશભાઈ બી. પ્રજાપતિના પિતાશ્રી **બબલદાસ ભગવાનદાસ પ્રજાપતિ**નું દુઃખદ અવસાન તા. ૧૮-૧૧-૨૦૨૦ બુધવારના દુઃખદ અવસાન થયું છે.

પ્રભુ સદ્દગતના આત્માને શાંતિ અર્પે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

– બ.કાં.જિ. મા.શિ.સંઘ

**(પરિપત્ર)**

પત્રાંક:ગધન/પરચુરણ/૨૦૨૦-૨૧/૭૪૨૩
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
સહયોગ સંકલ બ્લોક-A (બીજો માળ)
સેક્ટર-૧૧ ગાંધીનગર
તા. ૨૮-૯-૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ તમામ
જિલ્લો-ગાંધીનગર

વિષય : માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ફરજ બજાવતાં કર્મચારીની Covind-19 ની રજા બાબત.

સંદર્ભ : સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૧૮-૪-૨૦ ના પત્રાંક : પરચ/૧૦૨૦૨૦/૫૦૧-ટ

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે હાલમાં વિશ્વભરમાં નોંવેલ કોરોના Covind-19 વાયરલને WHOએ પેન્ડેમિક કરેલ છે. ભારત સરકારના આરોગ્ય મંત્રાલય, આયુષ મંત્રાલય અને રાજ્ય સરકારની ગાઈડ લાઈન અનુસાર નોવેલ કોરોના Covind-19 વાયરલના ફેલાવાને નિયંત્રિત કરવા વિવિધ પગલાઓ હાથ ધરવામાં આવેલ છે.

હાલમાં ગાંધીનગર જિલ્લામાં નોવેલ કોરોના Covind-19 વાયરલનું સંક્રમણવધતું હોય જેથી સાવચેતીના ભાગરૂપે કોરોના વાયરસના સંકરમણને રોકવા માટે યોગ્ય પગલાં લેવામાં આવી રહ્યા છે. જેથી ગાંધીનગર જિલ્લાની ગ્રાન્ટેડ પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતાં કર્મચારીને અથવા તેના પરિવારના કોઈ સભ્યને કોરોના પોઝીટીવ રીપોર્ટ આવેલ હોય તો હોમ કવોરોન્ટાઈલ માટે નીચે જણાવેલ વિગતે રજા મંજૂર કરવાની રહેશે.

- શાળાના કોઈપણ કર્મચારી જો કોરોના વાયરસથી અસરગ્રસ્ત થયા હો તો આચાર્યશ્રીને સંબોધીને શાળા મારફત હોમ ક્વોરોન્ટાઈલ રહેવા માટેની અરજી કરવાની રહેશે. જ્યારે આચાર્યશ્રીના કિસ્સામાં સંચાલક મંડળને સંબોધીને હોમ કોરોન્ટાઈન રહેવા માટેની અરજી કરવાની રહેશે. અરજી સાથે હોમ કોરોન્ટાઈન થયા અંગેનું પ્રમાણપત્ર તથા સેઈફ ડેકલેરેશન રજુ કરવાનું રહેશે.
- કર્મચારી અથવા તેમના પરિવારના કોઈ સભ્યનો કોરોના પોઝીટીવ રીપોર્ટની પ્રમાણિત કરેલ નકલ અને મેડીકલ સર્ટી અરજી સાથે સામેલ રાખવાનું રહેશે.
- કર્મચારીની આવેલ અરજી સંદર્ભે સંબંધિત શાળાના વડાને સાધનિક ચકાસણી કરી હોમ કોરોન્ટાઈન રહેવા માટેની લેખિત ભલામણ સંચાલક મંડળને કરવાની રહેશે તેમજ રજુ થયેલ ભલામણ અને અધારે ધ્યાને લઈ સંબંધિત સંચાલક મંડળે રજા મંજૂર કરવાની રહેશે અને તેની જાણ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, ગાંધીનગરને કરવાની રહેશે.

ઉપરોક્ત વહીવટી બાબતોને ધ્યાને લઈને આવી રજા અંગેની અરજી સંબંધિત જે તે શાળાઓના આચાર્યશ્રીએ આધારો સહ ચકાસણી કરીને જરૂરી પ્રમાણપત્ર આપી લીવ એકાઉન્ટ નિભાવવાનું રહેશે મેડીકલ સર્ટીની આધારે જે તે કર્મચારીની ઓનલાઈન હાજરીમાં ON DUTY તેમજ શિક્ષક હાજરી રજીસ્ટરમાં હોસ્પિટલ એડમીટ કે હોમ ક્વોરોન્ટાઈન સેલ્ફ અથવા હોમ કોરોન્ટાઈન ફરીથી લખી નોંધ કરવાની રહેશે. તેમજ આ અંગે કોઈ પ્રશ્ન હોય તો આપના બીટ નિરીક્ષકશ્રીનો સંપર્ક કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
ગાંધીનગર

# BANASKANTHA JILLA MADHAYAMIK SHIKSHAK SHANGH

Palanpur - 385001, Dist. Banaskantha

## Income & Expenditure Account
## For The Period of : 1-6-2019 to 31-5-2020

| EXPENDITURE | AMOUNT | EXPENDITURE | AMOUNT |
|---|---|---|---|
| To, Sikshan Bhavan Exps. | 165680.00 | By, Member Fees Income | 71640.00 |
| To, Banas Ganga Subscription Exps. | 57350.00 | By, Banas Ganga Education Income | 71260.00 |
| To, Xerox Exps. | 652.00 | By, Bank INterest Income | 25080.00 |
| To, Bank Comission Exps. | 122.00 | By, Shikshak Bhavan Donation A/c | 12000.00 |
| To, Travelling Exps. | 1000.00 | By, Rajya Shikshan Kalyan Nidhi Income | 15000.00 |
| To, Stationery Exps. | 1022.00 | By, Election Fees | 43400.00 |
| To, Postage Exps. | 390.00 | | |
| To, Shaikshanik Sankalan Meeting Exps. | 2850.50 | By, Excess of Exps. | |
| To, Sanman Exps. | 1100.00 | Over Income Tr. To B/S/ | 30256.90 |
| To, Printing Exps. | 1700.00 | | |
| To, Mahamandal Jodan Fee Exps. | 9000.00 | | |
| To, Rajya Shikshan Kalyan Nidhi Exps. | 15000.00 | | |
| To, Advertisement Exps. | 11000.00 | | |
| To, B.K. Education Sankalan Samiti Esp. | 0.00 | | |
| To, Audit Fees | 1500.00 | | |
| To, Misc. Esps. | 270.00 | | |
| **TOTAL** | **268636.90** | **TOTAL** | **268636.90** |

## Balance Sheet As on 31st May, 2020

| LIABILITIES | | AMOUNT | ASSETS | | AMOUNT |
|---|---|---|---|---|---|
| Education Adhivetion A/c | L.B. | 283165.00 | Education Adhivetion A/c | L.B. | 283165.00 |
| Anamat A/c | L.B. | 600.00 | Shikshak Bhavan Loan A/c | | |
| Donation Prize A/c | L.B. | 1500.00 | | L.B. : 589927.00 | |
| Girishbhai Raval A/c. | | | | Add : Dur the year : 0.00 | 589927.00 |
| | L.B. : 59500.00 | | Shankarbhai Chenva A/c | L.B. | 375.00 |
| | Add : Dur. the year : 49000.00 | 10500.00 | Ruggnathbhai Patel A/c | L.B. | 14100.00 |
| Shaiksha Kalyan Nidhi A/c | | | Sagrambhai Chudhary A/c | L.B. | 6000.00 |
| | L.B. : 393914.40 | | Benap High Scholl A/c | L.B. | 500.00 |
| | Add : Dur the year : 39800.00 | | Tadav High School A/c | L.B. | 2000.00 |
| | Total : 433714.40 | | Bukoli High School A/c | L.B. | 500.00 |
| | Less : Dur the year : 19000.00 | 414714.40 | Pravinbhai Trivedi A/c | L.B. | 3000.00 |
| | | | (Bapla High SchoolF | | |
| Income & Exp. | | | Shardbhai Chaudhary A/c | | |
| | L.B. : 624649.10 | | (Ogad Vidhyamandir, | | |
| | Less : Excess of Exps. : 30256.90 | 594392.20 | Thara) | L.B. : 2600.00 | |
| | | | | Less : Dur. the year : 2600.00 | 0.00 |
| | | | Cash & Bank Bal. | | |
| | | | B.D.C.C. Bank, Deesa S.B. A/c | | 3011.47 |
| | | | (A./c No. : 618002023249) | | |
| | | | B.D.C.C. Bank, Palanpur S.B. A/c | | 449302.16 |
| | | | (A/c No. : 618144019921) | | |
| | | | Dena Bank, Palanpur S.B. A/c | | 227864.80 |
| | | | (A/c 00931008864) | | |
| | | | State Bank of India S.B. A/c | | 808.17 |
| | | | (A/c No. | | |
| | | | Cash On Hand | | 7483.00 |
| **TOTAL** | | **1304871.60** | **TOTAL** | | **1304871.60** |

Place : Palanpur
Date : 13-9-2020

Examined And Found Correct

**Bakul I Shah & Co.**
Chartered Accountants

Sign. of Trustee

C.A. Bakul I. Shah - Palanpur

| President | Chif Secretary | Tresurer |
|---|---|---|
| **Hareshbhai G. Dabhi** | **Girishbhai S. Raval** | **Dipakbhai P. Joshi** |

# આચાર્યનું નવું ગુણાંકન

# Notification

Education Department
Sachivalaya, Gandhinagar.
Dated the 21st October, 2020.

**Gujarat Secondary & Higher Secondary Education Act. 1972**

No.GH/Sj/45/BMS/1115/1295/G : In exercise of the power conferred by section 35 of the Gujarat Secondary an Higher Secondary Education Act. 1972 (Guj. 18 of 1973) the Government of Gujarat hereby makes the following further to amend the Principal in the Registered Private Secondary and Higher Secondary Schools (Procedure for Selection Rules. 2017. namely :

1. These rules may be called the Principal in the Registered Private Secondary and Higher Secondary Schools (Procedure of Selection) Amendment) Rules, 2020
2. In the Principal in the Registered Secondary and Higher Secondary Schools (Procedure for Selection) Rules, 2018 (here in after referred to us ''the said rules]]) in rule 6 in sub-rule (3) for the words ''Socially and Educationally Backward Classes. Economical Weaker Sections and Women shall be subtituted.
3. In the said rules, in rule 7 in sub rule (2) for the words ''Socially and Educationally Backward Classes and for Women and Physically handicapped'' the words ''Socially and Educationally Backward Classes, Economical Weaker Section and Women and physically handicapped'' shall be substituted.
4. In the said rules, in rule 10, after Sub-rule (4) the following sub-rule shall be added namely.

   ...(5) A Candidate shall be allowed to select maximum 07 schools from the list of all the schools having vacent post of Principal''
5. In the said rules, for Appendix-I the following APPENDIX shall be substituted namely :-

**Appendex-I**

**See rules 10(3)**

| No. | Qualification | Maximum Marks |
|---|---|---|
| 1 | Graduate Degree (As per Regulation 20(1) of the Gujarat Secondary Education Regulations. 1974) | 10 |
| 2 | Post Graduate Degree (As per Regulation 20(1) of the Gujarat Secondary Education Regulations. 1974) | 07 |
| 3 | Graduate Degree in Professional Courses (As per Regulation 20(1) of the Gujrat Secondary Education Regulations. 1974) | 10 |
| 4 | Post Graduate Degree in Professional Courses (As per Regulation 20(1) of the Gujarat Secondary Education Regulations. 1974) | 05 |
| 5 | Experience (As per Regulation 20(1) of the Gujarat Secondary Education Regulations. 1974) | 05 |
| 6 | Experience as a principal in Registered Private Secondary and Higher Secondary School (per year 0.5) | 03 |
| | **TOTAL** | **40** |

6. In the said rules, in Appendix-II for Illustration (2). the following shall be substituted namely :-

| No. | Qualification | Maximum | For example | |
|---|---|---|---|---|
| | | | Percentage secured by the candidate | Makes eligible on the basis of the percentage secured by the candidate (col. 3x col.4/100) |
| 1 | 2 | 3 | 4 | 5 |
| 1. | Graduate Degree (As per Regulation 20(1) of the Gujarat Secondary Education Regulations, 1974) | 10 | 50 | 5 |
| 2. | Post Graduate Degree (As per Regulation 20(1) of the Gujarat Secondary Education Regulation, 1974) | 07 | 60 | 4.2 |
| 3. | Graduate Degree in Professional Courses (As per Regulation 20(1) of the Gujarat Secondary Education Regulations, 1974) | 10 | 50 | 5 |
| 4. | Post Graduate Degree in Professional Couses (As per Regulation 20(1) of the Gujarat Secondary Education Regulations, 1974) | 05 | 60 | 3 |
| 5. | Experience (As per Regulation 20(1) of the Gujarat Secondary Education Regulations, 1974) (per year 0.5 marks) | 05 | 12 years (more than 10.2 years i.e.2x0.5) | 1 |
| 6. | Experience as a principal in Registered Private Secondary and Higher Secondary School (per year 0.5 marks) | 03 | 3 years (3 years x 0.5) | 1.5 |
| | **Total** | **40** | | **19.7''** |

## ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષામાં માધ્યમિક શિક્ષકોની સિનયોરીટી અંગે

ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ ગાંધીનગરના તા. ૨૧–૯–૨૦૧૬ના પરીપત્ર અને તા. ૨૬–૧૦–૨૦૧૫ના ઠરાવ–૨૧૧–૩/૨૦૧૫ તથા તા. ૩૦–૮–૨૦૧૬ની પરીક્ષા સમિતિના ઠરાવ ક્રમાંક ૪૯/૨૦૧૬ મુજબ ધો. ૧૦ બોર્ડની પરીક્ષામાં માધ્યમિક શિક્ષકોની સિનિયોરીટી નીચે મુજબ ગણવાની રહેશે.

| ક્રમ | વિષય | કુલ ગુણ |
|---|---|---|
| ૧ | કુલ નોકરીના શૈક્ષણિક અનુભવના વર્ષદીઠ–૦૧ ગુણ (મહત્તમ ૩૫માંથી) | ૩૫ ગુણ |
| ૨ | સ્નાતક | ૧૦ ગુણ |
| ૩ | અનુસ્નાતક | ૦૫ ગુણ |
| ૪ | તાલીમી સ્નાતક (બી.એડ) | ૧૦ ગુણ |
| ૫ | એમ.એડ.એમફીલ | ૦૫ ગુણ |
| ૬ | શિક્ષક તરીકે નિમ્ણુંક થયેથી જે તે શિક્ષક દ્વારા માધ્યમિક વિભાગમાં ધો.૧૦માં ભણાવવામાં આવતાં જે તે વિષયના અનુભવ માટે વર્ષ દીઠ–૦૧ ગુણ આપવામાં આવશે. મહત્તમ ૦૨ વિષય દર્શાવવાની રહેશે. ભણાવવાના અનુભવના વર્ષ મહત્તમ–૩૫ સુધી રહેશે અને આ અનુભવ માટે વર્ષ દીઠ–૦૧ ગુણ મળશે. | |
| | કુલ | ૧૦૦ ગુણ |

ક્રમ નંબર–૦૬ પર દર્શાવેલ ગુણ શૈક્ષણિક અનુભવના વર્ષ કરતાં વધુ થવા જોઈએ નહી.

ઉપરોક્ત ગણતરીના આધારે શિક્ષકોની યાદી તૈયાર કરતી વખતે શૈક્ષણિક અનુભવનાં વર્ષો અને શૈક્ષણિક લાયકાતના ટકાને કુલ ગુણના પ્રમાણસર રૂપાંતર કરીને તૈયાર કરવામાં આવશે. (દા.ત. ૬૫% હોય તો ૧૦માંથી ૦૬ ગુણ) જેની નોંધ લેવા જાણ કરી છે.

# ધી બનાસકાંઠા જિલ્લાના અનુદાનિત માધ્યમિક શાળાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ.

રજી. નં. REG/BAN/17287/01/KHA.140/2020 Date : 25-2-2020

PAN No. AAIAT7346R

સાંદીપનિ આશ્રમ, શિક્ષક ભવન, પહેલા માળે, દ્રોણ બિલ્ડીંગ પાછળ, જી.આઈ.ડી.સી. રોડ, પાલનપુર-૩૮૫૦૦૧ (બ.કાં.)

## નૂતનવર્ષાભિનંદન

**સાલ મુબારક** **શુભ દિપાવલી**

**વિક્રમ સંવત ૨૦૭૭નું નૂતન વર્ષ સમૃધ્ધિમાં વધારો કરનારૂ, પ્રવર્તમાન સમયમાં નિરામય આરોગ્ય બક્ષનારૂ બની રહે એ જ પ્રાર્થના...**

**વર્ષ : ૩૧-૩-૨૦૨૦** | **સભાસદ સંખ્યા : ૪૯૦** | **શેર ભંડોળ : ૬,૩૦,૦૦૦** | **સભાસદ ધિરાણ : ૨૮,૦૦,૦૦૦**

## ● મંડળીની આશિર્વાદરૂપી સોનેરી સુવિધાઓ ●

- વર્ષ ૨૦૨૦-૨૧ માટે ૧૧% કપાત વ્યાજથી લોનની સુવિધા ઉપલબ્ધ.
- લોન મેળવવા માટે "Loan Demand Form" ભરી નામ નોંધણી કરાવવાથી આપનો નંબર આવતા ટેલિફોનિક સંપર્ક કરી ટૂંકા ગાળામાં જ લોન આપવાની યોજના.
- માસિક ફરજિયાત બચત ઉપર ૭%ના દરે વ્યાજ ચૂકવણી. ● મંડળીનો સંપૂર્ણ વહીવટ કોમ્પ્યુટરાઈઝડ્...
- મંડળીની તમામ માહિતી તથા ફોર્મ PDF સ્વરૂપે ઉપલબ્ધ માટે માનવ સમયનો બચાવ...
- મંડળીની માસિક ફરજિયાત બચત તથા અન્ય હપ્તાની રકમની પગાર તારીખે જ કપાત. માટે "No Balance" ના દંડની ઝંઝટમાંથી મુક્તિ.

## મંડળીની ભવિષ્યની યોજનાઓ

- મંડળીના દરેક સભાસદ માટે અકસ્માત વીમાની સુવિધાની શરૂઆત કરવી.
- મંડળીના દરેક સભાસદ માટે સભાસદ કલ્યાણ નિધિ સહાય યોજનાની શરૂઆત કરવી.
- મંડળીના દરેક સભાસદ માટે એક મોબાઈલ એપ લોન્ચ કરવી જેથી દરેક સભાસદ પોતાના મોબાઈલમાં જ પોતાની મંડળીને લગતી તમામ માહિતી જાણી શકે.

## વ્યવસ્થાપક સમિતિ

**શ્રી આનંદકુમાર પી. ત્રિવેદી - મંત્રી**
એચ. વી. વાલાણી વિદ્યામંદિર, ભીલડી
મો : ૯૯૧૩૨૯૯૦૦૩

**શ્રી હરપાલસિંહ પી. પઢિયાર - વા. ચેરમેન**
સરદાર કૃષિનગર વિદ્યાલય, સરદાર કૃષિનગર. મો : ૯૯૨૫૨૭૯૭૧૦

**શ્રી ગિરીશભાઈ એસ. રાવલ - ચેરમેન**
નવનિર્માણ વિદ્યાલય, વગદા
મો : ૯૪૨૭૦૪૩૬૧૬

**શ્રી હરેશભાઈ જી. ડાભી** – આંતરીક ઓડીટર
સરદાર પટેલ હાઈસ્કૂલ, ડીસા. મો : ૯૪૨૬૪૪૪૫૬૮

**શ્રી ગિરીશભાઈ પી. વણસોલા** – કારોબારી સભ્ય
શાહ કે. એચ. હાઈસ્કૂલ, પીલુચા મો : ૯૪૨૯૭૧૬૫૧૬

**શ્રી અર્જુનસિંહ બી. હડિયોલ** – કારોબારી સભ્ય
સી. જે. કોઠારી હાઈસ્કૂલ, ચિત્રાસણી મો : ૯૪૨૬૩૬૫૨૯૨

**ભીખીબેન એલ. વોરા** – કારોબારી સભ્ય
કસ્તુરબા કન્યા વિદ્યાલય, દિયોદર મો : ૯૫૫૮૩૭૧૬૮૬

**શ્રી પ્રવિણજી આર. ઠાકોર** – કારોબારી સભ્ય
પી. જી. દોશી હાઈસ્કૂલ, મોરીયા મો : ૯૪૨૮૬૫૨૮૪૮

**શ્રી બળવંતભાઈ કે. રાવળ** – મેનેજરશ્રી
સી.બી. ગાંધી નૂતન હાઈસ્કૂલ, પાલનપુર મો : ૮૨૦૦૨૭૮૪૪૮

**અરવિંદભાઈ બી. ડાભી** – કારોબારી સભ્ય
પૂ.મ.શ્રી ડી. વી. વિવેકાનંદ વિદ્યાલય, જડીયા
મો : ૯૪૦૯૪૯૮૫૩૫

**શ્રી સુનિલભાઈ એચ. ચૌહાણ** – કારોબારી સભ્ય
સુ.શ્રી અરુણાબેન પટેલ અરવલ્લી ઉ.મા. કન્યા વિદ્યાલય, હડાદ
મો : ૯૯૭૯૯૨૨૦૭૩

**શ્રી અમીતભાઈ એમ. દેસાઈ** – કારોબારી સભ્ય
જી.એસ.માળી વિદ્યાલય, મોટાકાપરા, મો : ૯૮૨૫૨૫૨૦૮૧

પ્રકાશક : **શ્રી હરેશભાઈ જી. ડાભી** - સરદાર પટેલ હાઈસ્કૂલ, ડીસા, જિ. બનાસકાંઠા મો : ૯૪૨૬૪૪૪૫૬૮, ૮૧૬૦૮૨૮૫૮૨
તંત્રી અને મુદ્રક : શ્રી ગિરીશકુમાર એસ. રાવલ ૧૭, સૂર્યનગર, આઈ.ટી.આઈ.ની સામે, બનાસડેરી રોડ, પાલનપુર-૩૮૫૦૦૧ મો : ૯૪૨૭૦૪૩૬૧૬
**મુખ્ય સંપાદક : શ્રી સુભાષભાઈ ડી. વ્યાસ** - કમલ વિદ્યામંદિર ભૂતેડી, તા. પાલનપુર (મો : ૯૭૨૬૦૪૮૬૦૪)
મુદ્રણ સ્થળ : **વિશાલ ઓફસેટ**, દ્રોણ બિલ્ડીંગ, જિ.પં. સામે, પાલનપુર, ફોન : (ઓ) ૨૫૭૯૫૧
નોંધ : (૧) અત્રે છપાયેલ લેખોમાં લેખકના વિચારો સાથે તંત્રી સહમત જ છે એવું કયારેક શકય ન પણ હોય (૨) કાનુની વિવાદનું ક્ષેત્ર માત્ર પાલનપુર શહેર જ રહેશે.

સંપાદક મંડળ : (૧) શ્રી સુભાષભાઈ ડી. વ્યાસ, મુખ્ય સંપાદક કમલ વિદ્યામંદિર, ભૂતેડી (૨) શ્રી સુરેશભાઈ જે. રાવલ વિવિધલક્ષી વિદ્યામંદિર (૩) શ્રી રવિન્દ્રભાઈ પ્રજાપતિ વિનય મંદિર, ગોળા (૪)શ્રી અજિતભાઈ વાઘેલા સમતા હાઈસ્કુલ, પાલનપુર (૫) શ્રી કનુભાઈ મોદી કે. એસ. ઝાલા હાઈસ્કુલ, કુડા (૬) શ્રી વસંતભાઈ પરમાર આદર્શ હાઈસ્કૂલ, ઉજ્જનવાડા (૭) શ્રી નિલેશભાઈ બુંબડીયા આરાસુરી કન્યા વિદ્યાલય, અંબાજી